# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧




દેશ ને જીત્યા પછી સ્થાનિકને સમય મળ્યો !
રાજયારોહણ પછી ખરીદીનો સમય મળ્યો !
સત્તાની ધાકે, તોડફોડનો આ સમય મળ્યો !
ચક્રવર્તીને ઘરમાં જોવાનો સમય મળ્યો !
(ભાજપ ને સરકાર રચવા નિમંત્રણ)

### હાઈકુ

જાગ્યા સ્વપ્નથી,
બનાવો સરકાર -
છો મોટો પક્ષ!
(નજીબ છે અજીબ!!)

પગાર વધ્યો !
પણ પ્રભાવ ઘટ્યો -
શિક્ષક - 'દીન'!
(ધંધાદારી સંબંધ)

## ચિંતન

**મુક્તા ફલેઃ કિં મૃગ પક્ષિણાં ચ, મિષ્ઠાન્ન પાનં કિમુ ગર્દભાનામ, ।**
**અંધસ્ય દીપો, બધિરસ્ય ગીતં મૂર્ખસ્ય કિં ધર્મકથા પ્રસંગઃ ॥**

પશુ-પંખી જેને મોતીની કિંમત કે ઉપયોગીતાની જાણ નથી અને એની સાથે કોઇ સંબધ પણ નથી એવાં પંખીઓને મોતીનું 'ચણ' નાખવાનો શું અર્થ?

ગધેડું જે માત્ર ગમે તે ખાઇ પેટ ભરી શકે છે તેને મિષ્ઠાન્ન આપવાનો શું અર્થ? એને કોઇ ફરક પડતો નથી.

જેને દૃષ્ટિ જ નથી. એને અંધકાર હોય કે ઝળહળાં રોશનીનો પ્રકાશ - એને શું મતલબ?

જે વ્યક્તિને કાને બહેરાશ જ છે એને સારાં સુગમ કે શાસ્ત્રીય રાગો સંભળાવવામાં આવે તો પણ એનો શું અર્થ અર્થાત વ્યર્થ જ છે.

એ જ રીતે - જે મૂર્ખ છે કોઇની વાત સાંભળતો-સમજતો-સ્વીકારતો નથી એને ધર્મઉપદેશ આપવાનો શું અર્થ?!

## સુવિચાર

- એવું લાગવા માંડે કે તમારું લક્ષ્ય મળવું મુશ્કેલ છે તો તમારા પ્રયાસો બદલો લક્ષ્યને નહીં **- જનકલ્યાણ**
- જયારે તમે જાગૃત અવસ્થામાં હોય છો ત્યારે જ શ્રેષ્ઠ સ્વપ્નોનું સર્જન થાય છે **- એસ. ભટ્ટાચાર્ય**
- પ્રેમ કર્કશને મધૂર, અસત્યને સત્ય, પાપીને પૂણ્યવાન અને અંધકારને પ્રકાશમય બનાવે છે **- બંકિમ ચંદ્ર**
- આપણે આપેલી સેવા સામેવાળી વ્યક્તિને વારંવાર યાદ કરાવવાની વૃત્તિ એ સેવાનો બદલો લીધા બરાબર જ છે **- મોરારિ બાપુ**
- વિચારોની શક્તિ આગ કે વીજળી જેવી છે, તેની સાથે મજાક મશ્કરી કરવી ખતરનાક સાબિત થઇ શકે છે **- જ્ઞાનસૂત્ર**
- જેમ ઇશ્વર આપણા આજના તમામ ગુના માફ કરી આપણને એક નવી સવાર આપે છે તેમ બીજાને માફ કરી આપણે એક નવી શરૂઆત કરવી જોઇએ **- ફાધર વર્ગીસ**
- કોઇ ફકીરના હાથમાં જયારે કંઇક આપશો ત્યારે એ જાણશો કે મોંઘવારી ના આ જમાનામાં પણ 'દુઆ' કેટલી સસ્તી છે **- નવનીત સમર્પણ**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

જેને ઇશ્વર પર સંપૂર્ણ શ્રદ્ધા-વિશ્વાસ હોય એ આવતીકાલની તો શું - હવે પછીની, બીજી ક્ષણની પણ ચિંતા કરતા નથી, ઇશ્વરને જયારે-જેટલું-જે કંઇ પણ આપવાનું હશે તે આપશે જ - (સુખ કે દુઃખ)

સૂફી સંત કરમાની પુત્રી સાદગી-સરળ સ્વભાવ નમ્રતા અને ભક્તિમય જીવન જીવતી હતી. સંત કરમા કરતાં પણ એની શ્રદ્ધા-ભક્તિની વાતો વધારે પ્રચલિત હતા.

રાજાના પુત્રના લક્ષણ બરાબર ન હતાં તેથી તેને સુધારવા શાહી ખાનદાન તરફથી સંતની પુત્રી માટે વિવાહનું માગું આવ્યું; પણ સંતે અને પુત્રીએ એ શાહી દરખાસ્તનો સ્વીકાર ન કર્યો.

... થોડા સમય સૂફી સંતે પોતાને જ એક સરળ સ્વભાવના ગરીબ શિષ્ય સાથે પુત્રીના નિકાહ કર્યા.. પથી અને પત્નીએ રોટલો અને દૂધ ખાધાં - છતાં એક રોટલો વધ્યો-પતિએ એને સાચવીને આવતીકાલ માટે રાખી દેવા સૂચના આપી...

સંત પુત્રીએ કહ્યું હવે મને મારા પિતાની કુટિર પાછી મૂકી આવો - મારાથી અહીં ન રહેવાય..

પતિએ ટોણો માર્યો - મને ખબર હતી કે તું આવી ગરીબી સહન નહી કરી શકે!

સંત પુત્રી કહે - એટલે નહીં. પણ આજનો રોટલો આવતી કાલ માટે સાચવવાનું કહ્યું એટલે કે તમને ઇશ્વર પર શ્રદ્ધા નથી.


પતિએ ક્ષમા માગી અને પોતે આવી ઉમદા વિચારવાળી સ્ત્રી સાથે સુખમય જીવન જીવી શકશે એની ખાતરી પણ થઇ ગઇ.

Email - sureshchandrabhatt18@gmail.com

# નિરક્ષરતા નિવારણમાં મીડિયાની ભૂમિકા

આજે ૨૧મી સદીના વૈશ્વિકીકરણના યુગમાં આપણે પહોંચી ગયા છીએ, સંશોધનોએ વિશ્વને નાનું કરી નાખ્યું છે. આજે બદલાતી વધતી જતી ટેકનોલોજીએ વિશ્વના તમામ દેશોની જીવન-પદ્ધતિમાં પરિવર્તન લાવી લીધું છે. વિશ્વ આજે ધીરે ધીરે ઔદ્યોગિક સમાજમાંથી માહિતી સમાજ તરફ ગતિ કરી રહ્યું છે.

આજે માનવી કુટુંબ, સમાજ, ધર્મ અને શાળા દ્વારા જેટલો ઘડાય છે તેનાથી વધુ પત્રકારત્વનાં માધ્યમોથી ઘડાય છે. પત્રકારત્વ તેને ઘણું શીખવે છે. માનવજીવનમાં અખબારો, રેડિયો, ટી.વી. સિનેમા અને ઈન્ટરનેટના માધ્યમથી ઢગલાબંધ માહિતી મેળવે છે. ઘણી વાર જોવા મળ્યું છે કે માહિતીના અભાવે માનવી ખોટા નિર્ણય લેવા પ્રેરાય છે. તેથી આજના માધ્યમ નિષ્ણાતો કોમ્યુનિકેશન ટેકનોલોજી પર વિશેષ ભાર મૂકી રહ્યાં છે. તે માટે દેશની જનતા શિક્ષિત હોવી જોઈએ. માહિતપ્રધાન સમાજ માટે શિક્ષણ એ અગત્યનું અંગ છે. શિક્ષિત વ્યક્તિ માટે જ આજની માહિતી ઉપયોગી છે. માત્ર કોરી માહિતી માનવીના વિકાસ માટે પુરતી નથી.



માર્શલ મકલુહાન અને વિલ્બરશ્રામ જેવા માધ્યમો પંડિતોએ કહ્યું છે કે, ''જે માહિતી જ્ઞાન તરફ દોરે નહીં અને જ્ઞાન ડહાપણ તરફ ન લઈ જાય, એનું ખાસ મહત્ત્વ નથી.'' ડહાપણ શિક્ષણથી આવે.

'મોર્ડન' શબ્દ પાછલી શતાબ્દીમાં બહુ પ્રચલિત બન્યો હતો. તે જૂના, વીતેલા યુગની વિરૂદ્ધ નવીનતાનો દ્યોતક હતો. આજે ટેકનોલોજીના વિકાસથી સામાન્ય માનવી પણ 'મોર્ડન' તો બન્યો છે પણ શું તે તેને સમજી રહ્યો છે ખરો! વિવિધ ટેકનોલોજીનાં સંશોધનોએ શિક્ષણની જરૂરિયાત મોટા પાયે ઊભી કરી છે. વરસો પહેલાં શિક્ષણનું આટલું મહત્ત્વ નહોતું. માનવી પરંપરાગત ઉદ્યોગધંધા કરતો, અનુભવથી શીખતો.

## આઠમી સપ્ટેમ્બર વિશ્વ સાક્ષરતા દિન

- ડો. કિશોર સાધુ

વિશ્વ સાક્ષરતા દિન જગતમાં દર વર્ષે આઠમી સપ્ટેમ્બરના દિવસે ઉજવવવામાં આવે છે. આ દિવસને વિશ્વ સાક્ષરતા દિન તરીકે ઉજવવાની જાહેરાત યુનેસ્કો (UNESCO) તરફથી ઈ.સ. ૧૯૬૫ના વર્ષમાં સત્તરમી નવેમ્બરના દિવસે કરવામાં આવી હતી. ઈ.સ. ૧૯૬૬ના વર્ષથી આ દિવસની ઉજવણીની શરૂઆત થઈ. આ દિવસને વિશ્વ સાક્ષરતા દિન તરીકે ઉજવવાનો મુખ્ય હેતુ સાક્ષરતાનું મહત્ત્વ દરેક વ્યક્તિ, સમુદાય તેમજ સમાજને સમજાવી અને તેના વિશે જાગૃતિ લાવવાનો છે.

ટેકનોલોજીના કારણે આજે આંતરરાષ્ટ્રીય સ્તરે અક્ષરજ્ઞાનનું, શિક્ષણનું મહત્ત્વ વધ્યું છે. આજે સહુને વિકસિત થવું છે. પોતાનો વિકાસ કરવો છે ત્યારે જાણીતા અર્થશાસ્ત્રી આર્થર લુઈસે કહેલું વાક્ય યાદ આવે છે - 'વિકાસની પહેલી શરત જ્ઞાન છે અને જ્ઞાનનો ખજાનો શિક્ષણ દ્વારા જ મેળવી શકાય છે.' આજે વાત ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક અને કુલપતિ રહી ચૂકેલા સાક્ષરતાના ગુજરાતના ભીષ્મ પિતામહ સ્વ. રામલાલ પરીખ કરતા અને કહેતા 'રાષ્ટ્ર પહેલાં શિક્ષિત બને પછી જ વિકાસશીલ બને. વિકાસશીલમાં વૈજ્ઞાનિકતા, વિજ્ઞાન, સંપન્નતા, વૈજ્ઞાનિક દષ્ટિકોણનો વિકાસ.' રીતરિવાજો, અંધવિશ્વાસ, પૂર્વગ્રહના વિરોધમાં ખુલ્લા મનથી વિવેકશીલ નિર્ણાયક બનવું.

શિક્ષિત સમાજે જે વિકાસ કર્યો છે તે નિરક્ષર નથી કરી શક્યો. આથી જ વૈશ્વિકીકરણના યુગમાં અક્ષરજ્ઞાન, શોધ અને વિસ્તરણનું મહત્ત્વ વધ્યું છે. તેમાંથી નિરક્ષરને સાક્ષર કરવા ૧૯મી સદીમાં પ્રૌઢશિક્ષણનો વિચાર ઉદ્‌ભવ્યો છે.

યુરોપના બે દેશ ડેનમાર્ક અને વિયેટનામ પ્રૌઢશિક્ષણમાં ખાત ઊભરી આવ્યા. ૧૮૩૦માં ડેનમાર્કમાં લોકવિદ્યાલય આંદોલનનો વિચાર પહેલીવાર મુકાયો. તેના વિચારક હતા બિશફ નિકોબાઈ ફેડરિક ગ્રૂંત વિગ. ૧૮૪૪માં પહેલું લોકવિદ્યાલય શરૂ કરવામાં આવ્યું. તેનો ઉદ્દેશ જર્મની સાથે ડેનિશ ભાષા અને સંસ્કૃતિનું રક્ષણ કરવાનો હતો. આ જ અરસામાં વિયેટનામમાં રાત્રિશાળાનો વિચાર આવ્યો. આ લોકશિક્ષણના વિચારક હતા હો-ચી-મિન્હે. આ બંને દેશોની લોકશિક્ષણની સફળતાએ દુનિયાને શિક્ષણમાં ક્રાન્તિ લાવવાની દિશા બતાવી. આ બંને મહાનુભાવોનો જન્મદિવસ ૮ સપ્ટેમ્બર હતો. તેમની શિક્ષણની જયોતી જલતી રાખવા યુનેસ્કોએ ૧૯૬૫માં ૮ સપ્ટેમ્બરને વિશ્વ સાક્ષરતા દિન તરીકે ઉજવવાનું જાહેર કર્યું. ૧૮૫૧માં એડલ્ટ એજ્યુકેશન 'પ્રૌઢશિક્ષણ' શબ્દનો પ્રયોગ થયો. ૧૮૭૩માં બ્રિટનમાં કેમ્બ્રિજ વિશ્વવિદ્યાલયમાં 'એકસ્ટ્રામ્યુરલ ઓર્ગેનાઈઝેશન' થયું. તેમાં મજૂરવર્ગ અને સામાન્ય જનતા માટે વ્યાખ્યાન માળાઓ શરૂ થઈ. ત્યાર પછી ચીન, જાપાન, ફ્રાન્સ, રૂસ વગેરે દેશોમાં પ્રોઢશિક્ષણનો વિચાર વ્યાપક બન્યો.

વિકાસશીલ અને વિશેષ રૂપે નવા સ્વતંત્ર થયેલા દેશોમાં પ્રૌઢશિક્ષણને રાષ્ટ્રીય વિકાસના સંદર્ભમાં માન્યતા પ્રાપ્ત થઈ. અક્ષરજ્ઞાન, વસતિ અને વિકાસ શિક્ષણ, સ્ત્રીપુરૂષ સમાનતા, ગરીબીનિવારણ, પર્યાવરણ જાળવણી, માનવ અધિકાર અને સામાજિક - આર્થિક વિકાસ વગેરે ક્ષેત્રમાં પ્રૌઢશિક્ષણની ભૂમિકા મહત્ત્વની રહી છે.

આજે આપણો દેશ પણ વૈશ્વિકીકરણની હરણફાળ હરીફાઈના યુગમાં ડગ ભરવા તૈયાર થયો છે. દેશે વિકસિત દેશોની હરોળમાં ઊભા રહેવાની શક્તિ પ્રાપ્ત કરી છે. પરંતુ ઊભું રહી શકાતું નથી. કારણ કે આપણો દેશ એકસાથે આધુનિક અને જૂની (પ્રાચીન) પરંપરાની સ્થિતિમાં રહેલો છે. પરિણામે કેટલોક ભાગ વિકાસની દોડમાં બહુ આગળ છે, કેટલોક ભાગ આગળ છે, કેટલોક ભાગ પાછળ છે અને કેટલોક ભાગ બહુ પાછળ છે. એટલે કે તે ચાર ભાગમાં વિભાજીત થઈ ગયો છે. જયાં સુધી આખો દેશ, સમગ્ર સમાજ આ વિકાસયાત્રામાં ન જોડાય ત્યાં સુધી આપણએ વિકસિત દેશોની પંક્તિમાં ઊભા ન રહી શકીએ. આપણા દેશની મોટી સમસ્યા છે ગ્રામીણ વિકાસ, મહિલા વિકાસ અને છેવાડાના માનવીનો વિકાસ. આજે આપણો દેશ ગામડાંનો છે. અહીં ૭૦ ટકા લોકો ગામડામાં વસે છે. મહિલાઓની સ્થિતિ અંગે પણ વિચારવું જોઈએ. દેશનું માનસચિત્ર બનાવીએ તો ખ્યાલ આવે કે દેશનો કેટલોક ભાગ મજબૂત છે તો કેટલોક ભાગ અપંગ, અસહાય, લાચાર છે. આ પરિસ્થિતિમાં વિકાસ ન થઈ શકે.

ગાંધીજીએ ગામડાંની પરિસ્થિતિ વરસો પહેલાં સમજી હતી. તેના ઉપાયો પણ બતાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે, ''જનસમૂહની નિરક્ષરતા એ હિન્દુસ્તાનનું પાપ છે; શરમ છે; અને તે દૂર કરવી જ જોઈએ. ૧૯૩૬માં પ્રૌઢશિક્ષણ કાર્યક્રમ જોરશોરથી ચાલતો. અખબારો આ વાતનો જોર આપતા. આઝાદીની લડત, સામાજિક જાગરૂકતા અને શિક્ષણને અખબારો મહત્ત્વ આપતા. ગાંધીજી લખે છે કે, 'હિનદુસ્તાન ખેડૂતોની ઝૂંપડીઓમાં વસે છે, વણકરોની કળા હિન્દુસ્તાનની ભવ્યતાનાં સ્મરણો કરાવે છે. તેથી મને પોતાને ખેડૂત કે વણકર કહેવડાવવામાં હું અભિમાન માનું છું. 'નવજીવન' માટે તો ખેડૂતોની ઝૂંપડીઓમાં અને વણકરોના ઘરોમાં પહોંચાડવું છે. મારે તેઓની ભાષામાં તે લખવું છે. તેથી ખેડૂતો ઈત્યાદિના સુખદુઃખની વાતો 'નવજીવન' હંમેશા તેઓની ભાષામાં કરશે.'' (૧-૯-૧૯૧૩)

આપણા દેશને આઝાદ થયે ૬૬ વર્ષ થયાં. સાડા છ દાયકાનો સમય ગાળો. ઘણો વિકાય થયો. ૧૯૫૧માં દેશની સાક્ષરતા ૧૮.૩૩ ટકા હતી. ગુજરાતની સાક્ષરતા ૨૧.૬૯ ટકા હતી. આજે ૨૦૧૧ની વસતિ ગણતરીના આંકડા મુજબ દેશની કુલ સાક્ષરતા ૭૪.૦૪ ટકા છે. ગુજરાતની ૭૯.૩૧ ટકા છે. એટલે કે આજે દેશની ૧૦૦ કરોડ ઉપરની જનસંખ્યામાંથી ૨૫-૩૦ કરોડ લોકો હજુ પણ નિરક્ષર છે અને ગુજરાતની પાંચ કરોડની જનસંખ્યામાંથી ૧.૫૦ કરોડ લોકો નિરક્ષર છે. આ સંખ્યા તો અક્ષરજ્ઞાનની છે. વૈશ્વિકીકરણના આ યુગમાં કશું સ્થિર નથી. મોબાઈલ નિરક્ષરતા, કમ્પ્યુટર નિરક્ષરતા, ઈન્ટરને નિરક્ષરતા, કાનૂની નિરક્ષરતા, બેન્કિંગ નિરક્ષરતા અને ઈન્ટરનેટ નિરક્ષરતાની તો ટકાવારી કાઢીએ તો જણાય ખે ૭૦-૮૦ ટકા લોકો નિરક્ષર છે. આ નિરક્ષરતા એ આજની ૨૧મી સદીના મીડિયા માટે મોટો પડકાર છે. આજે સ્માર્ટનેસનો જમાનો છે. જે વ્યક્તિ સૌથી વધુ લોકોને છેટરે તે આગળ નીકળી જાય છે. એકબીજાને છેતરવાની જે શિયાળ ચાલ ચલાઈ રહી છે તે એટલે સંસ્કાર નિરક્ષરતા મોટો પડકાર છે. ચળકાટ અને ભભકાટની આજની આ દુનિયામાં સામાન્ય માનવી - છેવાડાનો માનવી ખોવાયો છે. તેનાથી પણ વધુ ભૂલાયો છે નિરક્ષર ગરીબ અને પછાત માનવી. તેને સાક્ષર બનાવવામાં મીડિયા મહત્ત્વની ભૂમિકા ભજવી શકે.

દેશનાં ૧૯૭૮ ૨જી ઓકટોબરથી પ્રૌઢશિક્ષણનો રાષ્ટ્રીય કાર્યક્રમ શરૂ થયો. આ પહેલાં દશ રાજયોમાં કિસાન સાક્ષરતા શરૂ થઈ હતી. નાના નાના પ્રયાસો થયા હતા. ગુજરાત રાજયમાં પ્રૌઢશિક્ષણનો કાર્યક્રમ ૨૬ જાન્યુઆરી ૧૯૭૮થી સ્વૈચ્છિક સંસ્થાઓના સહકારથી શરૂ થયો. દેશના દરેક રાજયમાં પ્રૌઢ-શિક્ષણના અમલીકરણ માટે સ્ટેટ રિસોર્સ સેન્ટર શરૂ થયાં. ગુજરાતમાં તે કામ સરકારે ગૂજરાત વિદ્યાપીઠને સોંપ્યું.

(અનુસંધાન પાના નં. ૬ પર)


# વિશિષ્ટ અભિગમ અને વ્યવહારું પ્રયોજનથી કરવામાં આવેલ સંપાદન

## શબ્દ સમીપે

- નટવર હેડાઉ

નવલિકા અથવા ટૂંકી વાર્તાને કનૈયાલાલ મુનશીએ 'અર્વાચીન સાહિત્યનું અપૂર્વ પુષ્પ' તરીકે ઓળખાવી છે. ટૂંકી વાર્તાનું સાંપ્રત સ્વરૂપ પાશ્ચાત્ય સાહિત્યના પ્રભાવે આપણે ત્યાં અસ્તિત્વમાં આવ્યું છે.

ટૂંકી વાર્તાનું સ્વરૂપ એક બાજું ટૂંચકો, લઘુ કથા અને બીજી બાજુ લઘુ નવલ, નવલકથાની વચ્ચે આવે છે. રા.વિ. પાઠક નોંધે છે કે ટૂંકી વાર્તા જીવનમાં કોઇ રહસ્યને ઓછામાં ઓછાં પાત્રોથી, ઓછાં ઓછાં બનાવોથી, ઓછામાં ઓછા શબ્દોમાં નિરૂપિત કરે છે.' કેટલાક વિવેચકોએ ટૂંકી વાર્તાઓને ગદ્ય દેહે વિચરતું ઉર્મિકાવ્ય કહ્યું છે. ઉમાશંકર જોષી નોંધે છે કે 'ટૂંકી વાર્તા એની ઘૂંટેલી એકતા ( ) ને લીધે ઉર્મિ કાવ્યની બહુ યાદ આપે છે. ભાવસ્પંદન જગાડવાની શક્તિમાં ટૂંકી વાર્તા અને ઊર્મિકાવ્ય વચ્ચે જાણે હરિફાઇ ન હોય!' લલિત નિબંધ અને ટૂંકી વાર્તા ઘણી સહજતાથી એકબીજાના પ્રદેશમાં પ્રવેશ કરે છે. ટૂંકી વાર્તાનાં લક્ષણો સર્જકે - સર્જકે નોખા પરિણામ ધારણ કરતાં જોવા મળે છે. ઘટક તત્ત્વોનું ખરું મહત્ત્વ તો કૃતિમાં તેમના વિનિયોગની વિશિષ્ટમાં રહેલું છે. ટૂંકી વાર્તામાં વસ્તુ નિરૂપણની અનેક પદ્ધતિઓ છે. વસ્તુ જે પ્રકારનું હોય તેને અનુરૂપ પદ્ધતિ લેખકો પ્રયોજતા હોય છે. સામાન્ય રીતે વાર્તાકારો નવલિકાનો અંત અણધાર્યો. ચમત્કૃતિપૂર્ણ લાવવા પ્રયત્ન કરતા હોય છે. સેજવી એ કહ્યું છે કે 'ટૂંકી વાર્તા ઘોડદોડની શરત જેવી છે. એમાં આરંભ અને અંત જ વિશેષ નોંધપાત્ર છે. સુરેશ જોશી જેને 'પ્રેગ્નન્ટ મોમેન્ટ' કહે છે તે ટૂંકી વાર્તાની આગવી વિશેષતા છે. ટૂંકી વાર્તા માત્ર ટૂંકી હોય એટલું જ નહીં વાચકને ટૂંકી લાગવી જોઇએ. ટૂંકી વાર્તામાં એકલક્ષીતા ખુબ અપેક્ષિત છે. વિજયરાય વૈદ્ય કહે છે કે 'એક જ સંપૂર્ણ સંસ્કાર મન પર પાડે તે નવલિકા.'




નવલિકામાં ઉપર્યક્ત લક્ષણો પ્રત્યેક નવલિકામાં ભિન્ન ભિન્ન રીતે પ્રગટ થતાં હોય છે. આ સ્વરૂપ અનુનેય ( ) છે. પ્રયોગ માટેની અપાર શક્યતાઓ તેમાં રહેલી છે. તેથી નવલિકાના નવા નવા ઉન્મેષો વિવેચન માટે પડકારો સર્જ્યે જાય છે.

ગુજરાતી નવલિકાના અનેક સંપાદનો પ્રગટ થયાં છે. ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણથી, ભિન્ન ભિન્ન જરૂરિયાતો મુજબ સંપાદનો થાય છે. તેમાં એક વિશિષ્ટ અભિગમથી અને ખુબ વ્યવહારું પ્રયોજનથી કરવામાં આવેલા સંપાદનો વાત મારે આજે તમને કરવી છે.

ગુજરાતી નવલિકાની સફર શતાબ્દી સમીપ પહોંચી છે. ગુજરાતી નવલિકાના સૌ વર્ષના ઇતિહાસમાંથી ગમે તેટલાં કડક ધોરણો રાખવામાં આવે તો પણ જો પ્રતિનિધિ નવલિકાઓ પસંદ કરવાની હોય તો સૌથી ઓછી તો જ ન થાય. પરંતુ અહીં એવું કશું પ્રયોજન નથી. કોલેજ કક્ષાએ ગુજરાતી ભાષા સાહિત્યનું અધ્યયન કરતાં વિદ્યાર્થીઓ ને લક્ષમાં રાખી તેમને ઉપયોગી નીડવે એવું એક સંપાદન કરવામાં આવ્યું છે.

'૧૫ પ્રતિનિધિ ગુજરાતી નવલિકાઓ' શિર્ષકથી પ્રગટ થયેલાં નવલિકાઓના સંપાદનમાં 'પ્રતિનિધિ વિશેષણ' ત્રિવિધ અર્થમાં પ્રયોજાયું છે. ગુજરાતી નવલિકાના વિવિધ તબક્કાઓ, વિવિધ વાર્તાકારો અને વિવિધ વાર્તાઓનું કંઇક અંશે પ્રતિનિધિત્વ થાય એ સંપાદકનો ઉદ્દેશ છે. વિષયવસ્તુ અને અભિવ્યક્તિનું વૈવિધ્ય સચવાય તેનું પણ સંપાદકે ધ્યાન રાખ્યું છે. કેમ કે પ્રયોજન વ્યવહારું હોવાથી પુરેપુરું પ્રતિનિધિત્વ જળવાય એ શક્ય નથી.

'૧૫ પ્રતિનિધિ ગુજરાતી નવલિકાઓ' ના આ સંપાદન ને જોતાં સંપાદકે વિદ્યાર્થીઓને ઉપયોગી થઇ શકે એ માટે ટૂંકી વાર્તા સ્વરૂપ અને વિકાસ અંગેનો ખુબ જ માહિતિપ્રદ, અભ્યાસપૂર્ણ લેખ રસપ્રદ શૈલીમાં આપ્યો છે. વળી નવલિકાના વિવિધ તબક્કાઓનું પ્રતિનિધિત્વ જળવાય એ રીતે નીવડેલાં પંસદ કરી છે. વાર્તાકારોની સાથે સાથે વાર્તાના વિષય વસ્તુનું તથા રચનારીતિનું વૈવિધ્ય જળવાય એનું પણ ધ્યાન રાખવામાં આવ્યું છે. એટલું જ નહિ, આ સંપાદનમાં પ્રત્યેક વાર્તાકારનો ટૂંકો પરિચય, પસંદ કરેલી વાર્તા અને એ વાર્તાનો આસ્વાદ એક સાથે આપવામાં આવ્યો છે. આ સંપાદનમાં સમાવેશ કરાયેલી વાર્તાઓ અને તેના સર્જકોની વિગત જોઇએ તો ધૂમકેતુની વાર્તા સ્ત્રીહૃદય અને તેનું આશ્વાદ આપણને મળે છે. તેમાં સ્ત્રી હૃદયની સંકુલતા વિશાળતા વ્યક્ત કરતી વાર્તા છે. તે રા.વિ. પાઠકની વાર્તા 'જક્ષણી' હાસ્યરસની શ્રેષ્ઠવાર્તા છે. સુન્દરમ્‌ની વાસ્તવદર્શી વિર વાર્તા 'મા ને ખોળે' અને પન્નાલાલ પટેલની નારીની વિયતિ વ્યથા કથા રજૂ કરતી વાર્તા 'વાત્રકને કાંઠે' મળે છે. તો વળી જયંત ખત્રીની ખૂબ જાણીતી વાર્તા 'હીરો ખૂંટ' નું વિશ્લેષણ પણ છે. ચૂનીલાલ મડિયાની વેધક-વ્યંજક-બળકર વાર્તા 'વાની કોયલ' પછી સુરેશ જોષીની વિચારપ્રેરક વાર્તા 'જન્મોત્સવ' અસરકારક લાગ્યા વિના રહેતી નથી. અને રઘુવીર ચૌધરીની વાર્તા પોટકું પ્રતીકની અર્થચ્છાયાઓમાં વિસ્તરી મનુષ્ય જીવનની નિરર્થકતા, લાચારીના સંકેત કરે છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# ઘરડાં થયાં પછી પણ ઘણાં લોકો પોતાના મનગમતા ક્ષેત્રોમાં આગળ આવ્યા છે, તમને જે કામ કરવામાં આનંદ આવતો હોય તે કરવું જોઈએ, આખી જિંદગી બીજાના માટે જીવ્યા પછી થોડાંક વર્ષો પોતાના માટે પણ જીવવું જોઈએ

## હું રસ્તે રઝળતી વારતા

- અચના કમલેશ

જે વ્યક્તિની આર્થિક પરિસ્થિતિ ડામાડોળ હોય તેને તો રિટાયર્ડ થયા પછી પણ નોકરી ધંધો કરવો પડે છે. આ ઉંમરે જેમાં બહુ મજૂરી કે શારીરિક શ્રમ ન હોય તે પ્રકારનું કામ જ કરી શકાય. ઘણી બેન્ક, સરકારી ઓફિસો, સામાજિક સંસ્થાઓ, હોસ્પિટલો અને જ્ઞાતિની હોસ્ટેલોમાં રિયાયર્ડ થયેલા લોકોને નોકરીએ રખાતા હોય છે. આવી જગ્યાએ પગાર એટલો સારો હોતો નથી, પરંતુ ગુજરાન ચાલી જાય તેટલું તો મળી રહે છે. હવે આપણા દેશોમાં લોકોના સરેરાશ આયુષ્યમાં વધારો થયો હોવાથી રિયાટર્ડ થયા બાદ પણ ઘણાં લોકો નોકરી કરતા હોય છે. નવનીતભાઇ બેંકમાં ઓફિસર હતા. વરસ પહેલાં જ તેઓ નિવૃત્ત થયા હતા. નિવૃત્ત થયા પછી તેઓ ઘરમાં જ આરામ કરવા લાગ્યા. સવારે આરામથી ઊઠવાનું, ચા-નાસ્તો કરીને તૈયાર થઇને પેપર વાંચવાનું, બપોરે ખાઇને ઊંઘી જવાનું, સાંજે આઘા-પાછા થવાનું. રાત્રે જમીને સિરીયલો જોવાની અને મોડી રાત્રે સૂઇ જવાનું. આ તેમનો નિત્યક્રમ. થોડાક મહિના તો આવું ચાલ્યું. ધીરે ધીરે તેઓ ઘરના કામમાં ચંચુપાત કરવા લાગ્યા. પત્ની અને વહુને ઘરકામમાં સલાહો આપવા લાગ્યા. પૌત્રોને પણ અભ્યાસની બાબતમાં ટોકવા લાગ્યા. જેના કારણે તેઓ ઘરમાં અળખામણા થઇ ગયા.

એક દિવસ નવનીતભાઇએ તેમના એક નજીકના મિત્રને આ વિશે ફરિયાદ કરી અને તેમને રસ્તો સૂચવ્યો. મિત્રના કહેવાથી તેમણે એક લેપટોપ વસાવ્યું. ઇન્ટરનેટ વાપરતાં શીખ્યા. ફેસબુકમાં ખાતું ખોલ્યું. હવે તેઓ ફેસબુક પર બિઝી રહેવા લાગ્યા. ફેસબુક પર નવાં નવા મિત્રો બનતા હવે તો તેઓ તેમને મળવા બહાર પણ જવા લાગ્યા. ફેસબુક પર ચાલતા સિનીયર સિટીઝન ગૃપના તેઓ સભ્ય બની ગયા. નવનીતભાઇ પ્રવૃત્તિમય થવાથી ઘરના લોકો પણ ખુશ થઇ ગયા. કેમ કે હવે નવનીતભાઇને ઘરની બાબતોમાં માથું મારવાની ફુરસદ જ ન હતી.

પુરૂષોને તો નોકરી મળી રહે છે. તકલીફ સ્ત્રીઓને પડે છે. સ્ત્રીઓ મોટાભાગે હોમમેકર હોય છે. એટલે તેમને આખી જિંદગી એક જ કામ કરવાનું હોય છે. ઘર, છોકરા અને પુરૂષોને સંભાળવાનું. દીકરાની વહુ આવ્યા બાદ તેમની જવાબદારી ઓછી જરૂર થાય છે, પણ તેમાંથી મુક્તિ તો કયારેક મળતી નથી. આખી જિંદગી એકધારું ઘરકામ કરવાથી ઘણી સ્ત્રીઓમાં જીદ્દીપણું અને ચીડિયાપણું આવી જતું હોય છે. ખરેખર વયસ્ક સ્ત્રીઓને તેમના પતિ અને સંતાનોએ ખૂબ જ પ્રેમ આપવો જોઇએ. બને તો તેમને ઘરકામમાં ભારણમાંથી મુક્ત કરવી જોઇએ.

દરેક વ્યક્તિને નિવૃત્ત થવું ગમતું હોય છે. નોકરી કરતાં લોકો તો નિવૃત્તિની કાગડોળે રાહ જોતા હોય છે. તેમના માટે નિવૃત્ત થવું તે એક અવસર સમાન હોય છે. ઘણા લોકોએ નિવૃત્ત થયા પછી શું કરવું તે માટેના કંઇ કેટલાયે પ્લાન બનાવી રાખ્યા હોય છે. નિવૃત્ત થયા પછી દરેક માણસ કંઇકને કંઇક પ્રવૃત્તિ કરતો હોય છે. કોઇક ધાર્મિક પ્રવૃત્તિ પાછળ પોતાનો સમય પસાર કરે છે તો કોઇક સમાજ સેવાના કામ પાછળ બાકીની જિંદગી ખર્ચી નાખે છે.

સ્ત્રીઓને તો નિવૃત્તિ જેવું કંઇ હોતું જ નથી. કહેવાય છે કે મર્યા પછી જ તેમણે નિવૃત્તિ મળે છે. હા, ઘણી નોકરી કરતી સ્ત્રીઓ પોતાની નોકરીમાંથી નિવૃત્ત થાય છે ખરી, પણ ઘરકામમાંથી કયારેય નિવૃત્ત થઇ શકતી નથી. આપણી સામાજિક પરંપરા જ એવી છે કે જેમાં સ્ત્રીઓને સ્વતંત્ર થવું મુશ્કેલ છે. હા, તેમના બાળકો મોટા થાય અને દીકરાની વહુ આવે પછી તેમને થોડીક રાહત જરૂર મળે છે.

પ્રવૃત્તિ વિનાની નિવૃત્તિ ઘણીવાર શાપરૂપ સાબિત થાય છે. માણસ રિટાયર્ડ થાય ત્યારે થોડાક દિવસ તો તેને સારું લાગે છે. જાણે સ્વર્ગ મળી ગયું હોય તેટલો તેને આનંદ થાય છે, પરંતુ મહિના બે મહિના પછી તેને ઘર ખાવા દોડતું હોય તેવું લાગે છે. એટલા માટે નિવૃત્ત થયા પહેલાં જ મનગમતી પ્રવૃત્તિનું આયોજન કરી રાખવું જોઇએ. ફક્ત આરામ જ કરવો અને ઘરમાં પડ્યા પાથર્યા રહેવાનો વિચાર છેવટે તમને દુઃખના માર્ગે લઇ જશે. ઘરમાં પડ્યા પાથર્યા રહેવાથી તમે તમારા દીકરા-દીકરી, વહુ કે પત્નીને અળખામણા લાગશો. ઘરમાં રહેવાથી તમારો સ્વભાવ પણ ચીડિયો થઇ જશે. ઘરની નાની નાની બાબતોમાં તમે માથું મારશો, જે વાત ઘરના કોઇ વ્યક્તિને ગમશે નહિ.

યુવાનીમાં બચત કરીને જો આર્થિક પાસું મજબૂત કરવું હોય તો પુરૂષો માટેની પ્રવૃત્તિ ઘણી છે. ધાર્મિક પ્રવૃત્તિઓ તો છે જ, પરંતુ કોઇકને ઉપયોગી થવાય તેવી સામાજિક પ્રવૃત્તિઓ પણ છે. સામાજિક ટ્રસ્ટમાં જોડાઇને સામાજિક રીતે પછાત લોકોને મદદ કરી શકાય. સ્ત્રીઓ, બાળકોને કે વયસ્ક લોકોને શિક્ષણ આપવું, સરકારી હોસ્પિટલમાં ગરીબ દર્દીઓની ખબર પૂછવી કે તેમને બીજી રીતે સહાય કરવી, જ્ઞાતિના મંડળોમાં સેવા આપવી, યુવાનોને માહિતી કે તાલીમ આપવી વગેરે વગેરે... આવા તો અનેક કાર્યો છે કે જે કરવાથી તમને આનંદ આવશે અને કંઇક કર્યાનો આત્મસંતોષ પણ થશે. મોટો ફાયદો એ થશે કે કામ કરતા રહેવાથી તમારું સ્વાસ્થ્ય પણ સારું રહેશે. સ્ત્રીઓ મોટાભાગે પ્રેમની ભૂખી હોય છે. પોતાના સંતાનોનો પ્રેમ અને હૂંફ તેમની જિંદગીના છેલ્લા દિવસોને હર્યાભર્યા બનાવી દે છે.

જે સ્ત્રીઓ ભણેલી ગણેલી હોય અને જેમણે નોકરી કે વ્યવસાય કર્યો હોય તેમણે સામાજિક સંસ્થાઓ સાથે જોડાઇને સમાજસેવા કરવી જોઇએ અથવા તો જો કોઇ શોખ હોય તો તેને પોષવો જોઇએ. 'ઘણી સ્ત્રીઓને એમ થાય છે કે હવે ઘરડે ઘડપણ આ બધું શોભે? પણ આવું વિચારવાની જરૂર નથી. ઘરડાં થયાં પછી પણ ઘણાં લોકો પોતાના મનગમતા ક્ષેત્રોમાં આગળ આવ્યા છે. તમને જે કામ કરવામાં આનંદ આવતો હોય તે કરવું જોઇએ. આખી જિંદગી બીજાના માટે જીવ્યા પછી થોડાંક વર્ષો પોતાના માટે પણ જીવવું જોઇએ. ગાંધીજીએ પણ ભારતને આઝાદી અપાવવાની ચળવળ મોટી ઉંમરે જ શરૂ કરી હતી. સંતાનો સાથેના સંબંધો સૌહાર્દપૂર્ણ રહે તે માટે નિવૃત્ત થયા બાદ દરેક વ્યક્તિએ પ્રવૃત્તિમય રહેવું જોઇએ.'